જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૮/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨/૮૩ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૧૨૯/૨૦૨૫**

વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૧૯૩/૨૦૦૧ ઈપીકો કલમ ૪૨૭, ૧૧૪, મુજબ તથા સ્પે.(એટ્રો) કેસ નં.૮૩/૨૦૨૩ મુજબ ગુનાના કામે આરોપી સમરજીત ઉર્ફે રિકુ સ/ઓ લાલબહાદુરસિંગ રાજપુત (રહે. મકાન નંબર–૨૩૦ ધનલક્ષ્મી સોસાયટી દેરીયાની પાછળ વટવા અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી સી.એચ.શાહ સાહેબ, કોર્ટ નં.૦૮ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૪/૦૮/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૩૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૬૧૫ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૩ કેસ કરી, ૮૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૬૦,૨૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૩૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૩૨/૨૦૨૫**

રાણીપઃ કમલેશભાઈ નટવરલાલ મિસ્ત્રી (ઉ.વ.૫૧)(રહે.મહેશ્વરી એપાર્ટમેન્ટ સુભાષબ્રિજ સર્કલ પાસે કેશવનગર રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી તા.૧૦/૦૮/૨૦૨૫ સવારના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લોખંડની તિજોરીમાંથી ચાંદીના જુના સિક્કા, ચાંદીની લગડી તથા ચાંદીના બ્રેસલેટ મળી કુલ કિમત રૂપિયા ૧,૬૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ સવાભાઈ ચલાવે છે.

વટવાઃ મહેન્દ્રભાઇ ઇશ્વરભાઇ પટેલ (ઉ.વ.૫૬)(રહે.પ્રેસ્ટીઝ બંગ્લોઝ હરીઓમનગર પાછળ, યશ બંગ્લોઝની બાજુમાં, ઘોડાસર) એ તા.૧૦/૦૮/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી તા.૧૦/૦૮/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના બાથરૂમની બારીના કાચ કાઢી બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.બી.ઝાલા ચલાવે છે.

વેજલપુરઃ બીબીફાતમા ડો/ઓ ઉસ્માનભાઈ શેખ (ઉ.વ.૪૦)(રહે.અલ હમ્દો ફ્લેટ, રોઝ ડુપ્લેક્ષ સામે, મીટરવાળી ગલી, કેનાલ પાછળ, ફતેવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૫ સવારના ૮/૩૦ થી રાતના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની કાચની સ્લાઇડર બારી તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લોખંડની પેટીમાંથી રોકડ રૂપિયા ૪,૦૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૩૩/૨૦૨૫**

ગોમતીપુરઃ ગોમતીપુર ગામ નરસિંહજી મંદીર નેળીયુ ચોક્સીની ચાલી ખાતે રહેતા મોહંમદજમીલ મોહમદબશીર અન્સારી નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી